ગાંધીનગર સમાચાર
તા. ૨-૫-૨૦૧૩, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી.....

# સંસદગૃહની 'તીન દેવિયા'

આપણી ધાર્મિક પરંપરા મુજબ મહાલક્ષ્મી, મહાકાલી અને મહા સરસ્વતીની ત્રિપુટીનું વર્ચસ્વ રહેતું આવ્યું છે. ત્રણે દેવીઓનો ત્રિદેવ- બ્રહ્મા- વિષ્ણુ -મહેશ સાથેનો સંબંધ પણ જાણીતો છે. પુરાણોમાં પુરાઈ ગયેલી 'તીન દેવીયાં' વચ્ચે ક્યારેક ચણભણ થતી હશે કે નહીં એ વાત તો અખબારોનાં પાનાં સુધી પહોંચતી નથી, પરંતુ ભારતના સંસદગૃહમાં બિરાજતી ત્રણ દેવીઓ ક્યારેક એકમેક પર ઓવારી જતી હોય છે તો ક્યારેક એકદમ ઉગ્ર રૂપ ધારણ કરી પરસ્પરનાં લૂગડાં ઉતારવા માંડે છે. લોકસભામાં હાલ જે ત્રણ દેવીઓની બોલબાલા છે એમનાં નામ અને કામથી દેશ વાકેફ છે. સોનિયા ગાંધી યુપીએ સરકારની ચેરપર્સન તરીકે વિશ્વની શક્તિશાળી વ્યક્તિઓની યાદીમાં અગ્રતા ક્રમે મુકાતાં રહ્યાં છે. વિપક્ષનાં નેતા સુષમા સ્વરાજ બોલકાં મહિલા તરીકે જાણીતાં છે. સોનિયા ગાંધી માટે હિંદી એક મજબૂરી છે, સુષમા માટે એ ગળથૂથીમાં મળેલી માતૃભાષા છે. તેઓ પ્રભાવશાળી વ્યક્તિત્વ અને વકતૃત્વ શક્તિ ધરાવતાં હોઈ લાઈમલાઈટમાં રહે છે. નરેન્દ્ર મોદી ખસી જાય તો વડાપ્રધાનપદની રેસમાં તેઓ એનડીએની પહેલી પસંદગીનાં નેતા બની રહે એમ છે. ત્રીજાં મહિલા છે સંસદપીઠનાં અધ્યક્ષા તરીકેનું ગરિમાપૂર્ણ પદ શોભાવતાં બાબુ જગજીવનરામનાં સુપુત્રી મીરા કુમાર. આમ જુઓ તો સોનિયા ગાંધીનું સંસદમાં કે રાજકારણમાં હોવું તે નહેરુ- ગાંધી પરિવારને આભારી છે, નહીંતર એમને તો રાજકારણમાં મુદ્દલ રસ નહોતો. સુશ્રી મીરા કુમાર બાબુજીનાં વારસદાર હોઈ રાજકારણમાં પ્રવેશ્યા અને લોકસભાના અધ્યક્ષપદ સુધી પહોંચ્યા. સુષમા સ્વરાજના પતિ ચંદ્રશેખરવાળી જનતા પાર્ટીના નેતા હતા અને બહુ નાની વયે મિઝોરમના રાજયપાલ બન્યા હતા. અત્યારે તેઓ તદ્દન નિષ્ક્રિય છે. સુષમા અતિશય મહત્વાકાંક્ષી મહિલા નેતા છે પરંતુ ક્યારેક મહિલાને ન શોભે એવુંવર્તન પણ કરતાં રહ્યા છે. સોનિયાગાંધીના વડાપ્રધાન બનવાના ઊજળા સંજોગા હતા ત્યારે એમણે ત્રાગુ કર્યું હતું તે યાદ હશે. એમણે પ્રતિજ્ઞા લીધી હતી કે જો સોનિયા વડાપ્રધાન બનશે તો તે ભારતીય મહિલાઓ માટે અપમાનજનક સ્થિતિ હશે; હું માથું મૂંડાવી દઈશ! સોનિયા ગાંધીએ વચ્ચેનો રસ્તો કાઢી પ્રખર અર્થશાસ્ત્રી ડો. મનમોહનસિંહને વડાપ્રધાન બનાવ્યા હતા. વર્ષો પછી ફરી એકવાર સુષમા સ્વરાજે 'પુણ્ય પ્રકોપ' ઠાલવ્યો છે. તેમનો ગંભીર આરોપ છે કે સંસદગૃહમાં સોનિયા ગાંધીનું રાજ ચાલે છે. સાંસદોને ઉશ્કેરીને સોનિયા ગાંધીએ પોતાને બોલવા ન દીધાં. પોતે સ્પીકર મેડમનું રક્ષણ માગ્યું તો તેઓ પણ સોનિયા ગાંધીની શેહમાં તણાઈ ગયાં અને વારંવાર વિક્ષેપ કરી રહેલા કોગ્રેંસી સાંસદોને ટપારવાને બદલે પોતાને વકતવ્ય ટૂંકાવવાની અપીલ કરવા લાગ્યા. સુષમા સ્વરાજને ઘણું માઠું લાગી ગયું છે. અદ્દલ દેશી મહિલાની માફક એમણે સોનિયા અને મીરા કુમાર સામે રૂસણાં લીધાં છે. એમણે આવેશમાં આવી જાહેરાત કરી દીધી છે કે સ્પીકરની કોઈ પણ બેઠકમાં પોતે હાજર નહીં રહે!

તારણ : મહિલા આખરે મહિલા જ રહે છે: પછી ભલેને એ સુષમા સ્વરાજ બની જાય તો પણ!

# પુસ્તક પ્રેમીઓ માહિતી ખાતાના પ્રકાશનો પુસ્તક મેળામાં મેળવી શકશે

અમદાવાદ, તા. ૧

વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે દ્વિતીય રાષ્ટ્રીય પુસ્તક મેળામાં રાજયના માહિતી ખાતાના પુસ્તક પ્રકાશોનોનું પ્રદર્શન કમ વેચાણનો સ્ટોલ ઉભો કરવામાં આવ્યો છે.

માહિતી ખાતા દ્વારા પુસ્તક પ્રેમીઓ માટે જ્ઞાનપ્રદ અને માહિતીસભર પુસ્તકો વેચાણ અર્થે મુકવામાં આવ્યા છે. જેની આવક મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ સહાયમાં જમા કરાવવામાં આવશે.

માહિતી ખાતાના સ્ટોલમાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી લિખિત કન્વીનીઅન્ટ એક્શન, કચ્છ-અ-પિકટોરીયલ જર્નીલેખક શ્રી દિનેશ કુંબલે, ગુજરાતની વાયબ્રન્ટ વાઈટ લાઈફ, પ્રાઈડ ઓફ ઈન્ડીયા, નરકેસરી નરેન્દ્ર મોદી, ગુજરાતની લોક સાંસ્કૃતિક વિરાસત, ગુજરાતના બંદરો, ગુજરાતની સાંસ્કૃતિક, સભ્યતા અને વારસાની ક્ષણો જેવાં પુસ્તકો વેચાણ અર્થે મુકવામાં આવ્યા છે.



સાલુજીના મુવાડા પ્રાથમિક શાળામાં પ્રતિભાના પોંખણાં પુસ્તકનું લોકાર્પણ અને મ.શિ. ભીખુભાઈ બી. કવિનો નિવૃત્ત સન્માન કાર્યક્રમ પ્રા. શાળાના પટાંગણમાં યોજાયો હતો. આનંદમય વાતાવરણમાં મોટી સંખ્યામાં ગ્રામજનો, શિક્ષકોની ઉપસ્થિતિમાં શાળા દ્વારા ચાંદીની મૂર્તિ તથા સગાસંબંધીઓએ ભેટ સાથે ઉમળકાભેર તેઓનું સન્માન કર્યું. ભીખુભાઈ કવિએ સંગઠનમાં રાજ્યસંઘને રૂ. ૨૫૦૧, જિલ્લા સંગને રૂ. ૨૧૦૧ અને તાલુકાસંઘને રૂ. ૧૧૦૧ તથા શાળામાં રૂ. ૫૦૦૧ સ્વેચ્છાએ નિવૃત્ત સમયે ધનભેટ અર્પણ કર્યા.

આ સાથે માહિતી ખાતાના ગુજરાતી, અંગ્રેજી અને કોફીટેબલ બુક જેવાં પ્રકાશનો પ્રદર્શનમાં રજૂ કરવામાં આવ્યા છે. પ્રદર્શનમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી 'ગુજરાત ક્વીઝ કોર્નર' પુસ્તક વેચાણ અર્થે મુકવામાં આવ્યું છે. માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતા ગુજરાત રોજગાર, સમાચાર, સાપ્તાહિક અને ગુજરાત પાક્ષિક કે જેનું વાર્ષિક લવાજમ અનુક્રમે રૂ. ૩૦ અને રૂ. ૫૦ છે. તેનું લવાજમ આ સ્ટોલમાં સ્વીકારવામાં આવે છે.

તા. ૧લી મેથી ૭મી મે ૨૦૧૩ સુધી બપોરે ૧૨ થી રાત્રે દસ વાગ્યા સુધી પુસ્તક પ્રેમીઓ માહિતી ખાતાના પુસ્તક પ્રદર્શનનો લાભ લઈ શકશે. આ પ્રદર્શનનું રાજ્યના માહિતી ખાતા દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.




ભાઈઓ અને બહેનો, આપણા માટે આવતી વખતનો ગુજરાત દિવસ કદાચ આવો સારો ન પણ હોય... કેમ કે ગુજરાતની ઓળખ સમા સિંહ મધ્યપ્રદેશ જશે અને માણસો દિલ્હી...!!

## લઘુમતીઓની મેરિટ કમ મીન્સ અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની ઓનલાઈન અરજી કરવા આધાર કાર્ડ માટેની જાહેરાત

ગાંધીનગર, તા. ૧

લઘુમતી જાતિના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ કે જેઓને આ યોજના હેઠળ અગાઉ શિષ્યવૃત્તિનો લાભ મળેલ ન હોય તેવા ફ્રેશ વિદ્યાર્થીઓ તેમજ અગાઉ આ યોજના હેઠળ લાભ મેળવેલ હોય અને તેઓનો અભ્યાસ ચાલુ હોય અને યોજનાની શરતો પરિપૂર્ણ કરતા હોય તેવા રીન્યુઅલ વિદ્યાર્થીઓએ ભારત સરકારની ગાઈડ લાઈન મુજબ ચાલુ વર્ષથી અરજી કરવા માટે આધાર નંબર દર્શાવવો ફરજીયાત છે. જે વિદ્યાર્થીઓ પાસે આધાર નંબર ના હોય તેઓએ પોતાના ગામ/શહેરના આધારકાર્ડ સંબંધી યુનીક આઈ.ડી. સેન્ટર (યુઆઈડી)નો સંપર્ક કરી આધારકાર્ડ મેળવવા જરૂરી તાત્કાલિક કાર્યવાહી કરવાની રહેશે. અને આધાર નંબરને પોતાના બેંક એકાઉન્ટ સાથે લીંક કરી, અરજી કરતા સમયે તે એકાઉન્ટ નંબર તથા આધાર નંબર દર્શાવવો આવશ્યક છે. શિષ્યવૃત્તિ માટે આધાર કાર્ડ/નંબર ફરજીયાત હોવાથી જાહેરાત દ્વારા મેરીટ કમ મીન્સ-પોસ્ટ મેટ્રીકના વિદ્યાર્થીઓને જાણ કરવામાં આવી રહી છે.

# ગાંધીનગરની શાળાઓના પરિણામ

**● શાંતિનિકેતન શાળા**

| ક્રમ | નામ | ટકા |
|---|---|---|
| | જુનિયર કે.જી. | |
| ૧ | વાઘેલા વિશ્વરાજ ડી. | ૯૮.૬ |
| ૨ | ઠાકોર પૃથ્વીરાજ જે. | ૯૬.૬ |
| ૩ | ડીડોર રાજેન્દ્ર એસ. | ૯૬.૨ |
| | સિનિયર કે.જી. | |
| ૧ | બિહોલા જયંતિ આર. | ૯૬.૨ |
| ૨ | વાઘેલા સૂર્યદીપ એન. | ૯૬.૨ |
| ૩ | પઠાણ સહિના એસ. | ૯૪.૨ |
| | ધો.-૧ | |
| ૧ | બેલીમ રિઝવાન એમ. | ૯૪.૦૦ |
| ૨ | ખાંટ કેયુર આર. | ૯૩.૭ |
| ૩ | વ્હોરા હુસેન આર. | ૯૨.૫૭ |
| | ધો.-૨ | |
| ૧ | પરમાર શ્રદ્ધાબા વી. | ૯૨.૭૧ |
| ૨ | પઠાણ તસ્કીનબાનુ એસ. | ૮૯.૫૭ |
| ૩ | ઝાલા પ્રિન્સ પી. | ૮૬.૪૨ |
| | ધો. ૩ | |
| ૧ | ખાંટ પારસ આર. | ૮૭.૭૫ |
| ૨ | ચાવડા હર્ષિતા એચ. | ૮૫.૧૩ |
| ૩ | શાહ કેયુર આર. | ૮૩.૭૫ |
| | ધો. ૪ | |
| ૧ | ખાંટ હાર્દિકાબેન બી. | ૯૩.૬૨ |
| ૨ | સવૈયા ભાર્ગવી એસ. | ૮૮.૦૦ |
| ૩ | ઠાકોર જયદીપ બી. | ૮૬.૧૨ |
| | ધો.૫ | |
| ૧ | મોડિયા પરવી બી. | ૮૨.૫ |
| ૨ | મકવાણા સંધ્યા વી. | ૮૦.૩ |
| ૩ | ભગોરા ધ્રુવી વી. | ૭૯.૪ |
| | ધો. ૬ | |
| ૧ | પ્રજાપતિ દર્શના ડી. | ૮૮.૬૬ |
| ૨ | નિનામા ભરત એ. | ૮૮.૩૩ |
| ૩ | ચાવડા ઉન્નતિબા કે. | ૮૭.૭૨ |
| | ધો.૭ | |
| ૧ | નાયક રિયા એસ. | ૯૧.૦૫ |
| ૨ | પઠાણ સીમા વાય. | ૮૯.૯૪ |
| ૩ | તરાર સિદ્ધરાજ એસ. | ૮૮.૦૫ |
| | ધો. ૮ | |
| ૧ | પઠાણ મોહમ્મદસોહિલ એ. | ૯૩.૯૪ |
| ૨ | પાંડર જયદીપ એન. | ૯૩.૬૬ |
| ૩ | પ્રજાપતિ જીગર ડી. | ૯૨.૭૨ |
| | ધો. ૯ | |
| ૧ | મકવાણા ગાયત્રી એમ. | ૯૩.૭૫ |
| ૨ | અખાડે વિનીતા એસ. | ૮૦.૬૨ |
| ૩ | પગી ભાવેશ આર. | ૮૭.૫ |
| | **● પ્રેરણા વિદ્યાલય સે. ૫** | |
| | બાલમંદિર - જૂ.કે.જી. | |
| ૧ | ચાવડા માનસી રાજેન્દ્રસિંહ | ૯૬ |
| ૨ | પરમાર જન્મેષ ભાવેશભાઈ | ૯૪ |
| ૩ | ચાવડા પ્રિયાંશી જીતેન્દ્રસિંહ | ૯૩ |
| | સિ.કે.જી. | |
| ૧ | ડાભી તેજસ પ્રજ્ઞેશકુમાર | ૯૪ |
| ૨ | પટેલ વૈભવ ઉમેશભાઈ | ૯૪ |
| ૩ | રાવલ રિષભ કૌશીકકુમાર | ૯૪ |
| ૪ | રાઠોડ નિધિ નિલેશકુમાર | ૯૨ |
| | પ્રાથમિક વિભાગ - ધોરણ-૧ | |
| ૧ | પરમાર સંજના ઘનશ્યામભાઈ | ૯૬ |
| ૨ | વાઘેલા નિધિ યોગરાજસિંહ | ૯૪ |
| ૩ | પટેલ ચાર્મી રાકેશભાઈ | ૯૨ |
| | ધોરણ-૨ | |
| ૧ | વડેચા મિહિર રાકેશકુમાર | ૯૫ |
| ૨ | બલાત આર્યન પંકજભાઈ | ૯૪ |
| ૩ | મુનિયા ભાવિન લાલુભાઈ | ૯૨ |
| | ધોરણ-૩ | |
| ૧ | દૂધરેજિયા ક્રિશ એમ. | ૯૧ |
| ૨ | પ્રજાપતિ કિશોર જે. | ૯૧ |
| ૩ | વાટલિયા કેવલ વી. | ૯૦ |
| | ધોરણ-૪ | |
| ૧ | યાદવ નકુલ એસ. | ૯૨ |
| ૨ | પરિદાર અંકિત આર. | ૯૧ |
| ૩ | દવે રુદ્ર ટી. | ૯૧ |
| | ધોરણ-૫ | |
| ૧ | રાવલ ધ્રુતિ કે. | ૯૧ |
| ૨ | વડેચા દેત્વી આર. | ૯૧ |
| ૩ | વર્મા પ્રથમ કે. | ૯૦ |
| | ધોરણ-૬ | |
| ૧ | પરમાર માર્ગી આર. | ૯૨ |
| ૨ | પરમાર જાનવી જી. | ૮૯ |
| ૩ | પ્રજાપતિ હિરલ બી. | ૮૬ |
| | ધોરણ-૭ | |
| ૧ | પ્રજાપતિ દેવાંગી જયેશભાઈ | ૯૩ |
| ૨ | રાઠોડ હિરલબા વિરેન્દ્રસિંહ | ૯૦ |
| ૩ | પરમાર માહિ રાજેશભાઈ | ૯૦ |
| | ધોરણ-૮ | |
| ૧ | કાપડિયા નિધિ જયેશકુમાર | ૯૪ |
| ૨ | વર્મા વૈદેહી કમલેશભાઈ | ૯૨ |
| ૩ | કીટોલિયા વૈસાલી શૈલેષભાઈ | ૯૨ |
| | માધ્યમિક વિભાગ - ધોરણ-૯ | |
| ૧ | ટેલર દર્શનાબેન હિરેનભાઈ | ૮૫.૨૮ |
| ૨ | ઠાકર હેમાંગ અજયકુમાર | ૮૧.૮૫ |
| ૩ | પટેલ મીત લાલુકુમાર | ૭૬.૨૮ |
| | ઉચ્ચ માધ્યમિક વિભાગ - ધોરણ-૧૧ | |
| ૧ | વાઘેલા મયૂરસિંહ મહેન્દ્રસિંહ | ૮૪ |
| ૨ | ડાભી કરણ ગુણવંતરાય | ૭૯ |
| ૩ | બારોટ પ્રતિક્ષા શૈલેન્દ્રકુમાર | ૭૪ |

## ગુરૂવારની ગપસપ

**- પ્રકાશ લાલા**

### "જોયું પનુભાઇ, આ પીવડાવવાની તમારી દાનત હોય કે ના હોય, મારી તો અહીંથી ચા પીધા વગર નહીં જ જવાની સાચા દિલથી ઇચ્છા હતી તે શ્રી કૃષ્ણએ સાંભળી ને આ ગોવાળિયાને મોકલી આપ્યો!!"

સવારના પહોરમાં અમે અમારા ઓટલે હિંચકા ઉપર બેસી, છાપામાંથી આઇપીએલ મેચોનાં સ્કોર, કૌભાંડોનાં આંકડા, નેતાઓનાં ચિત્રવિચિત્ર નિવેદનો વગેરે વાંચી, અમારા જ્ઞાનમાં વૃદ્ધિ કરી રહ્યા હતા ત્યાં જ લાલાકાકાની પીપ... પીપ... પી... સંભળાઇ : "પનુભાઇ, ઘરમાં છો કે નહીં, યાર?"

અમે ઓટલે સદેહે બેઠેલા કાકાના જાડા કાચવાળા ચશ્મામાંથી સ્પષ્ટ દેખાતા હોવા છતાં રેડ અંકલ ઝાંપે આવી જઇ, આદત સે મજબૂર આવી છડી પોકારે જ... જેમ સ્ટેશન આવતાં રેલગાડી પીપ... પીપ... લાંબી વ્હિસલ વગાડે એમ!!

"આવો અંકલ." અમે લાલાકાકાને આવકાર્યા. પછી થોડા ખસીને હિંચકે એમના માટે જગા કરી આપતાં ઉમેર્યું : "લાલાકાકા, આજે ફક્ત છાપું જ છે... દૂધવાળો હજી દૂધ નથી આપી ગયો એટલે ચા નહીં મળી શકે."

"પનુભાઇ, રાતનું દૂધ તો પડ્યું હશે ને?"

"ના, અંકલ... રાતનું દૂધ ફાટી ગયું છે એટલે ચા નહીં બને..." અમે કહ્યું.

"ફિકર નોટ, પનુભાઇ... આપણે કયાં ઉતાવળ છે, હેં? દૂધવાળો આવી જાય ત્યાં સુધી આ છાપું વાચતાં ને વાતો કરતાં બેઠાં છીએ ને, હેં!" કહીને રેડ અંકલ હાઇવોલ્યુમમાં હી... હી... કરતાં હસ્યા... ગીતની કડી પૂરી થયા પછી પાછળ મ્યુઝિક વાગે એમ!!

'માન ના માન, મૈં તેરા મહેમાન' જેવા આ રોજિંદા ગળેપડુને શું જવાબ આપવો એ અમને સૂઝ્યું નહીં એટલે અમે મૌન ધારણ કર્યું. ત્યાં તો પાછા અંકલ ઉવાચ : "અમે તો પનુભાઇ, ચા પીવા માટે આપણી પાસે 'કૌન બનેગા કરોડપતિ' ગેઇમ શોની માફક ચાર ઓપ્શન્સ છે, હોં..."

"હેં?"

"હા... એક, દૂધવાળાની રાહ જોતાં અહીં બેસવું ને તમારી જ આ ચા પીવી, એ, આપણે બંને શોપીંગ જઇએ, તમે દૂધની કોથળી ખરીદી લો એટલે પાછા આવી ચા પીએ... ત્રણ, બંને જણ પડોશી પંચાલ કે પટેલને ત્યાં અથવા દરજીને ત્યાં જઇએ. એ લોકો ચા પીવડાવવાના વિવેકમાંથી તો નહીં જ જાય... અને ઓપ્શન ફોર..."

"આપણે તમારા ઘરે જઇને ત્યાં કાકીના હાથની ચા પીએ, ખરૂં ને?" અમે વચ્ચે પૂછી નાખ્યું...

"ગલત... હમારે કોમ્પ્યુટર મેં યહ ઓપ્શન તો કભી હોતા જ નહીં હૈ..." લાલાકાકાએ અમારી દલીલને ફટ દઇને તોડી નાખીને આગળ ચલાવ્યું : "ઓપ્શન નંબર ચાર, તમે ચાના રોકડા પૈસા આપી દો તો લારી ઉપરથી તમારા ઘરની જ ચા પીવું છું એમ માની ગમે ત્યાં પી લઇશ..." તે પછી અમિતાભ બચ્ચનની સ્ટાઇલમાં મરક મરક થતા જાડા કાચના ચશ્મામાંથી અમને તાકી રહ્યાં.

અને અમને ચૂપ જોઇ પાછા બોલ્યાં : "કોઇ જલ્દી નહીં હૈ, પનુજી... કયું કી હમારી આજ કી ચાકા સવાલ હૈ. કૌન સા ઓપ્શન લોક કિયા જાય ઔર ઉસ પર અમલ કિયા જાય... બોલીઓ?"

"જવાબને લોક કરવા કરતાં તમને જ લોકઅપમાં પુરી દેવા જોઇએ... રોજ મફતિયા ચા પીવી છે પણ કોઇ દિવસ પોતાના ઘરે પીવડાવવી નથી." અમે બબડ્યા, અલબત્ત મનમાં જ.

એટલામાં જ, અંકલનું નસીબ જોર કરતું હશે તે, દૂધવાળો આવી ગયો. એને જોઇ રેડ અંકલ રંગમાં આવી ગયા : "જોયું પનુભાઇ, ચા પીવડાવવની તમારી દાનત હોય કે ના હોય, મારી તો અહીંથી ચા પીધા વગર નહીં જ જવાની સાચા દિલથી ઇચ્છા હતી તે શ્રીકૃષ્ણએ સાંભળી ને આ ગોવાળિયાને મોકલી આપ્યોને!"

અમારી પાસે આનો કોઇ જવાબ કયાં હતા! અમે દૂધ લઇ શ્રીમતીજીને આપવા અને આનો ઓર્ડર બુક કરાવવા લંઇ ગયા... ને અંકલે રાબેતા મુજબ મફતિયા ચા આવે ત્યાં સુધી, રાબેતા મુજબ મફતિયા છાપાનો કસ કાઢવાનો ઉદ્યમ આરંભ્યો.

અમારે ય હજી છાપું વાંચવાનું બાકી હતું પણ કાકા પાસે માંગુ તો એમનું પાછું છટકે એ જ ડરથી એમ હિંચકે બેસીને છાપું વાંચતા લાલાકાકાને જોઇ રહ્યાં. એટલામાં અમારાં શ્રીમતીજી ચાના બે કપ લઇને પ્રવેશ્યા : "લાલાકાકા, ચા લો..."

"ચા" શબ્દ કાને પડતાં જ છાપું એક તરફ ફગાવી દઇ, અંકલ એટેન્શનમાં આવી ગાય... ચાા કપ ઉપર આક્રમણ કરવા સ્તો! પછી ચાનો કપ ઉઠાવી પહેલો ઘૂંટડો પીધો ને એમના મુખકમળ ઉપર પ્રસન્નતા છવાઇ ગઇ... ચાના સ્વાદથી નહીં પણ આજે મફતિયા ચાથી વંચિત ના રહેવું પડ્યું એ ખ્યાલથી જ હશે...

ચાની બીજી ચુસ્કી લઇને એમણે પુનઃ અંકલવાણી ચાલુ કરી : "આપણે ત્યાં અતિથિ દેવો ભવઃ કહેવાય છે અને ગુજરાતની મહેમાનગતિ વખણાય છે તે આવી બહેનોના કારણે જ. કંટાળા વગર રોજ કેવી સરસ ચા પીવડાવે છે... તમારાં શ્રીમતીજી..."

"હા, પણ અંકલ, અતિથિ એટલે જેની આવવાની તિથિ નક્કી નથી હોતી તે... જે ક્યારેક અચાનક આવી જાય તેવા મહેમાનની મહેમાનગતિ માટે ગુજરાત વખણાય છે... રોજ સવારે ટપકી પડતાં 'સવા નવને પાંચ' માટે નહીં... અને હા, તમે કોક દિવસ કોકની મહેમાનગતિ કરો તો આપણી મહેમાનગતિ વધુ વખણાશે..." અમારાથી ના રહેવાયું એટલે હળવેથી બોલી નાખ્યું.

"શું કહ્યું, પનુભાઇ?"

"કઇ નહીં, અંકલ... બીજા શા ખબર છે?" અમે વાતને બદલતાં પૂછ્યું.

"ખાસ કંઇ નહીં... પણ પનુભાઇ, ટી.વી. ઉપર આવવા શું કરવું પડે?" રેડ અંકલે ઇન્કવાયરી કરી...

"ગાતા, ડાનસ કરતાં કે નાટક કરતાં આવડતું હોય કે કોઇ ખાસ વિષયમાં તજજ્ઞતા હોય તો ટી.વી. ઉપર પ્રાસારિત થતા ગીત-સંગીત, નૃત્ય-નાટકના કે ચર્ચા - વાર્તાલાપના પ્રોગ્રામમાં ભાગ લઇ ટી.વી. ઉપર આવી શકાય."

"હં... આવું કંઇ ન આવડતું હોય તો?"

"તો ટી.વી. પ્રોગ્રામના પ્રોડ્યુસર જોડે ઓળખાણ હોય તો એવા પ્રોગ્રામમાં ઓડિયન્સમાં બેસીને ય ટી.વી. ઉપર ચમકી શકાય..."

"હં... એવું ન હોય તો?"

"તો પોતાની પાસે કરોડ રૂપિયા હોય તો તેમાંથી જાતે જ એકાદ ટી.વી. પ્રોગ્રામ પ્રોડ્યુસ કરી ટી.વી. ઉપર પોતાનો ચહેરો દેખાડી શકાય..." અમે ગુસ્સાથી કહ્યું : "પણ અંકલ, કોને આવું ટી.વી. ઉપર ચમકવું છે?"

"અમારે!"

"હેં?" અમને ચક્કર આવી ગયા.

"હા... પનુભાઇ, કેટલાય દિવસથી થાય કે ઉંમર થઇ ગઇ પણ કશું નામ થાય તેવું કર્યું નહીં... તો ટી.વી.ના પ્રોગ્રામમાં ભાગ લઇએ તો બેચાર જણ પૂછે..." અંકલે ખૂબ ઠંડા કલેજે એક્સપ્લેનેશન આપ્યું...

"ઓહ..." અમે ચિડાઇને બોલ્યા : "અંકલ, ઉંમર થઇ હોય તો સીનિયર સિટીઝન્સ કાઉન્સિલના સભ્ય થઇને એના દ્વારા થતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં કેમ જોડાઇ નથી જતા? ત્યાં પ્રવૃત્તિ મળશે, સમાજ માટે કંઇક કર્યાનો સંતોષ મળશે ને સાચા દિલથી લાગ્યા રહેશો તો નામ પણ મળશે... ને તમે નવરા નહીં રહો તો અમારા જેવાનેય નિરાંત રહેશે." અમે લાલાકાકાના રીએકશન્સ જોયા વિના એક શ્વાસે બોલી નાખ્યું.

અમે પૂરૂં કર્યું ત્યારે રેડ અંકલે ચલો થઇને, પોતાની પૂળા જેવી મૂછો ચાવતા હતા... અંકલ ગુસ્સે થાય છે ત્યારે એમને મૂછો ચાવવાની ટેવ છે. કદાચ પહેલાં એ ગુસ્સે થતા હશે ત્યારે એમને માથાના વાળ ખેંચતા હશે... પણ એમ કરતાં માથે ટાલ થઇ જવાથી હવે એમણે મૂછોનો વારો કાઢ્યો હશે.

અંકલને અકળાયેલા જોઇ શ્રીમતીજીએ વાત બદલી : "જવા દો કાકા, એમને તો તમને ચીડાવવાની ટેવ પડી છે... પણ જો ખરેખર તમારે ટી.વી. ઉપર આવવું હોય તો થોડો સમય કોઇકની પાસે ગાવાની કે નાટકની ટ્રેઇનિંગ લો... પ્રેક્ટિસ કરો તો કશું અશક્ય નથી..."

"ખરેખર?" અંકલે પાછા મૂડમાં આવતાં કહ્યું.

"હા... પણ એ પ્રેક્ટિસ તમારા ઘરે જ કરજો... અહીં કોઇના એટલે બેસીને નહીં." અમે બીજો ફાકો માર્યો... ને અંકલે ફરી મૂછો ચાવવા માંડી!!

### "અંકલ, તમારે ટી.વી. ઉપર આવવું હોય તો એકાદ કરોડ ખર્ચી જાતે જ ટી.વી. પ્રોગ્રામ પ્રોડ્યુસ કરી નાખો"